**માન. અધ્યક્ષશ્રી,**

આપણ પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ કોઇ તૃષ્ટીકરણની નીતિ નહીં પણ સંતુષ્ટીકરણની નીતિ સાથે ૧૪૦ કરોડ દેશવાસીઓને ન્યાય આપી રહ્યા છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મને સમજાતું નથી કે જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવવા પાછળ કોંગ્રેસનો ધ્યેય શું છે? એની પાછળ શું છુપાયેલું છે?

**માન. અધ્યક્ષશ્રી,**

કોંગ્રેસ પક્ષની અત્યાર સુધીની જે નીતિ રહી છે. જાતિઓ વચ્ચે વર્ગવિગ્રહ કરાવવો અને સત્તા મેળવવી. આખી નીતિ જાણે અંગ્રેજો પાસેથી શીખ્યા હોય એવું લાગી રહ્યું છે. ભાગલા પાડો અને રાજ કરો.

**માન. અધ્યક્ષશ્રી,**

છેલ્લા ૨૮ થી ૩૦ વર્ષથી આના જ કારણે ગુજરાતની પ્રજાએ તમને સત્તાથી દુર રાખ્યા છે. તેમ છતાં કોંગ્રેસ પક્ષના વિચારોમાં કોઇ બદલાવ દેખાતો નથી.

**માન. અધ્યક્ષશ્રી,**

૧૯૫૧ થી ૨૦૧૧ સુધી સ્વ. વડાપ્રધાન અટલબિહારી વાજપેયીજીના શાસનને બાદ કરીએ તો મોટાભાગનું શાસન કોંગ્રેસનું રહ્યું છે. અંગ્રેજોના વખતથી લઇને એમના શાસન સુધીમાં જનગણના થઇ છે એમાં હરહંમેશ જનજાતિઓના ડેટા લેવામાં આવે છે પછી જ એની ગણના થાય છે.

**માન. અધ્યક્ષશ્રી,**

માનનીય અમિતભાઇના આ પ્રસ્તાવ પરથી એવું લાગે છે કે જનજાતિઓમાં આવનાર તમામ પેટાજ્ઞાતિઓની પણ વિગતો મેળવવી જોઇએ એવું પ્રતિત થાય છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્ય એ ભારતના બંધારણની અનુસુચિ ૦૫ મુજબનો શીડ્યુલ એરીયા ધરાવે છે અને ગુજરાત રાજ્યમાં પાટણ બનાસકાંઠાથી લઈને દક્ષિણમાં છેક વલસાડ ડાંગ સુધીના કુલ ૨૧ જિલ્લામાં અનુસુચિત જનજાતિ વર્ગના સભ્યો મળી આવે છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૨ ની જોગવાઈ અનુસાર ભારતના માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ પ્રેસીડેન્શીયલ ઓર્ડર અને ત્યારબાદ સમયાંતરે સંસદ દ્વારા તેમાં કરવામાં આવેલ સુધારા અનુસાર આજે ગુજરાત રાજ્યમાં અનુસુચિત જનજાતિ વર્ગમાં કુલ ૩૧ જાતિઓનો સમાવેશ થાય છે અને આ તમામ ૩૧ જાતિઓનો એક વર્ગ અનુસુચિત જનજાતિ વર્ગ બને છે.

**માન. અધ્યક્ષશ્રી,**

હું પણ આ અનુસુચિત જનજાતિ વર્ગમાંથી જ આવું છું અને આ કોંગ્રેસ દ્વારા લાવવામાં આવેલ પ્રસ્તાવનો જો અભ્યાસ કરવામાં આવે તો કોંગ્રેસ અમારા તમામ આદિવાસી ભાઇઓમાં અંદરો અંદર ભાગલા પડાવવાનો પ્રયત્ન કરી રહી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અમારો આદિવાસી સમાજ એક છે અને અમારો સમાજ કોંગ્રેસ જે પ્રસ્તાવ લાવી છે તેનો અરો અર્થ સારી રીતે સમજે છે.